जागर्तु कोऽपि वसुधावलयेऽनसूयः
सन्मार्मिकः, प्रयतनं हि यदर्थमेतत् ।।
આ પૃથ્વીના પટલ પર કોઈક સન્માર્મિક આત્મા આ લખાણોથી જાગૃત થશે, તે માટેના આ પ્રયાસો છે.

# વિનિયોગ સમાચાર

માસિક

Vol.: 17 • Issue No. : 9 • Pages : 8 MUMBAI • 1st September - 2019 Price Rs.10/- Annual Subscription Price : Rs . 101/-

# 'શ્રી તત્વાર્થાધિગમ સૂત્ર' ગ્રંથની ભૂમિકા

## તત્ત્વ-અર્થ-અધિગમ

**(ગતાંકથી ચાલુ)**

**૧૫. હાલના કેવળ ભૌતિક વિજ્ઞાને માનવોને કરેલી ભયંકર હાનિ :**

ઉપર જણાવ્યા પ્રમાણે આત્મા અને તેના વિકાસ, વિકાસના ઉપાયો અને છેવટના પરિણામો સુધીની જે ઉત્તમ વિચારણાઓ થયેલી છે, તેના અનુસંધાનમાં (૧) વિશેષ શોધો અને વિચારણાઓ ન કરતાં, હાલના વિજ્ઞાને તે સર્વને બાજુમાં જ રાખીને, ધકેલીને સ્વતંત્ર રીતે વિશ્વનો વિચાર કરવાની શરૂઆત કરી છે. સ્વતંત્ર રીતે જ મૌલિક અને વિભાગીય આ તમામ નવા શાસ્ત્રો રચવા માંડ્યા છે. ત્યાં સુધી તો કદાચ ઠીક, પણ તે અપૂર્ણ અને અધકચરી શોધોના આધાર ઉપર માનવ જીવન વ્યવસ્થા પણ સર્જી છે, ને સર્જાવાય છે અને તેનો મોટા પાયા ઉપર મોટા ખર્ચે પ્રચાર કરાય છે, કરાવાય છે. એટલેથી ન અટકતા આત્મવાદ ઉપરના કાંઈક કાળથી રૂઢ થયેલા પરંપરાગત ચાલ્યા આવતા જીવનધોરણોને માનવોના જીવનમાંથી કાઢી નંખાવવા અબજો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે અને તે કારણે કરોડો માનવીઓને તે કામે રોકવામાં આવેલા છે. તથા બીજા અનેક પ્રપંચોમય, સાચા-ખોટા, આકર્ષક અને ભયભીત કરાવનારા કે લલચાવનારા પ્રયાસો પણ કરવામાં આવે છે. તે જ નવા જીવનધોરણોને વ્યવહારુ, ઉપયોગી અને પ્રાગતિક કહેવામાં આવે છે. તેને શિક્ષણ, કાયદા, રાજ્યતંત્રો, શોધો, યંત્રો વગેરેનું પીઠબળ આપવામાં આવે છે. લોકશાસન, ગણતંત્ર, ધારાસભાઓ, ચૂંટણી, બહુમતવાદ, બહુમત પ્રાપ્ત કરવા સત્યાસત્યમિશ્ર વર્તમાનપત્રોનો બહોળો ફેલાવો, મતાધિકારની પદ્ધતિ ઊભી કરવી, નાટક, સિનેમા, મનોરંજન વગેરે પ્રચારક સાધનો, સત્યાસત્ય મિશ્રિત ભાષણો - વક્તવ્યો ફેલાવવા ને તેનું ખોટી રીતે પ્રવચન નામ આપવું વગેરે ધમધોકાર ચાલે છે. બીજી અનેક લાલચો દ્વારા જનતાને તે તરફ આકર્ષવામાં આવે છે. એટલું જ નહીં, પરંતુ ધંધા અને આજીવિકા તથા આર્થિક મુશ્કેલીઓમાં મૂકી તે દૂર કરવા માટે જનતાને ન છૂટકે લલચાવું પડે તેવી સ્થિતિ ઉત્પન્ન કરવા માટે જુદા જુદા નિમિત્તોથી વંશપરંપરાગત ધંધાઓ તોડાતા જાય, લોકો મુશ્કેલીમાં મૂકાતા જાય, પ્રાગતિક જીવનધોરણને પાટે જે લોકો ન ચડે, ત્યાં સુધી તેઓને નવા ધંધા કે આર્થિક સગવડો આપવામાં ન આવે અથવા અતિ કરકસરથી અપાય, અથવા ઢીલ કરવામાં આવે, મોંઘવારી, કરો વધારાય. પરંપરાગત અનેક સાધનોનો અભાવ કે દુર્લભતા ફેલાવાય. નવાજુના વિચારોના ઘર્ષણો, ધર્મ, અર્થ, કામ, પુરુષાર્થના સાંસ્કૃતિક સાધનો અને તેના આધાર ઉપરના જીવનધોરણોમાં જુદી જુદી દિશાએથી સુધારા, પરિવર્તન, યુગાનુસારિતા, બાળવિકાસ, સ્ત્રીસ્વાતંત્ર્ય. પ્રજા સ્વાંત્ર્ય, દેશનો ઉદય, જુનવાણીને વિદાય વગેરે જુદા જુદા નિમિત્તો આગળ કરીને કાપ મૂકવાની યોજનાઓ કરાય. નવનિર્માણને અનુરૂપ પાંચ પાંચ વર્ષીય યોજનાઓ મોટે ભાગે બહારના સાધનથી અમલમાં મૂકાવાય. ભાષા પરિવર્તન, પ્રજાના રોજીંદા વેશમાં પરિવર્તન, તોલ-માપમાં પરિવર્તન, સિક્કા-પરિવર્તન, કાળ અને વખતના પારિભાષિક શબ્દોમાં અને વ્યવહારોમાં પરિવર્તન, શિલ્પમાં અને તેના ઉપયોગમાં પરિવર્તન, ખાનપાનમાં પરિવર્તન, આરોગ્ય અને શારીરિક ચિકિત્સાપદ્ધતિમાં પરિવર્તન, માત્ર શારીરિક જ ચિકિત્સા પદ્ધતિનો આશ્રય. વ્યાપાર, ખેતીમાં પરિવર્તન, માલિકી હક્કોમાં પરિવર્તન, રાજ્યનીતિ અને તેના આદર્શોમાં પરિવર્તન, મોટા મોટા કારખાના બહારના ધન અને માલિકો દ્વારા નંખાવવાથી સ્થાનિક ધંધાદારીઓના ધંધાનો નાશ અથવા થોડાઓને ધંધા ને ધન મળે, મોટી સંખ્યામાં લોકો ધંધારહિત થાય. કારખાનાઓને ક્રમે ક્રમે જરૂરિયાત પ્રમાણે દેશમાંની પ્રજાના ધન-બુદ્ધિ-કુશળતા અને આવશ્યક્તા પ્રમાણે ઊભા કરવાને બદલે એકદમ આગળ વધવાના બહાના નીચે જલદી જલદી મોટા પાયા ઉપરના વિદેશીય બુદ્ધિ, ધન, સંચાલકો, નિષ્ણાતોને આધારે બહારનાઓની સલાહ અને યોજનાઓથી પરિણામે તેઓના જ મુખ્ય હિત માટે જ સ્થાપિત કરી દેવા. ભારતના આર્યો પોતાનું બીજુ પ્રસિદ્ધ નામ "**હિંદુ**" શબ્દ પણ ન વાપરી શકે, તેવા ઉપદેશનો પ્રાથમિક પ્રચાર, જેથી એક વિશિષ્ટ પ્રજા પોતાનું વ્યક્તિત્વ અને અસ્તિત્વ ભવિષ્યમાં ટકાવી ન શકે. પ્રજાકીય ઈતિહાસની વ્યવસ્થાની મૂળભૂમિકારૂપ વહીવંચાની જાતિઓ અને તેના ચોપડા રહેવા ન પામે, તે જાતિઓના કાર્યને નિષ્ફળ બનાવી દેવામાં આવેલ છે. એકંદર આત્મવાદ ઉપરની જીવન સંસ્કૃતિ સ્વતંત્ર પ્રજા તરીકેનું અસ્તિત્ત્વ વગેરે ઉપર અસાધારણ માઠી અસર ઉત્પન્ન કરનારા અને બહારની પ્રજાને ભવિષ્યમાં આ દેશના વતની તરીકે સ્થાયિ વસવાટ મળે, તેને માટે સેંકડો પ્રાગતિક

દૃષ્ટિથી રચનાત્મક અને સાંસ્કૃતિક દૃષ્ટિથી ખંડનાત્મક બાબતો શરૂ કરવામાં આવેલી છે. અણવિકસિત દેશ કહીને સંતતિ નિયમન મારફત ભવિષ્યમાં એક સંસ્કારી પ્રજાને ક્રમે ક્રમે ઉચ્છિન્ન કરવાની કરાયેલી ગોઠવણ ધીમે ધીમે આગળ વધતી જાય છે. અને વિકસિત દેશોને મોટી સંખ્યામાં પ્રજા ઉત્પન્ન કરવાનો હક્ક હોવાનો માની લઈને તેના સંતાનોને બીજા દેશોના વિકાસમાં આર્થિક વગેરે મદદ કરવાને બહાને વિકસિત કરી ત્યાં ત્યાં બીજા નિમિત્તોથી મોકલી, વસાવી સ્થાયી નાગરિક તરીકે કાયમ વસવા માટેના સ્થાનિક કાયદાઓ કરાવી લેવરાવવામાં આવ્યા છે. એકપત્નીપણાનો કાયદો વગેરેથી પરંપરાગત જીવનમાં સંયમ વગેરે ઉપર કાપ ઉત્પન્ન કરીને વસતિ વધવાનો માર્ગ ખુલ્લો કરી આપીને તેના ઉપર પછી કાયદાથી અંકુશ મૂકવાની અને સ્ત્રી પુરુષના જનન અવયવોને કપાવી નાખવાની ગોઠવણને વેગ આપવામાં આવે છે. જન્મ થાય તેના ઉપર કર કે ફી કે દંડ નાખવાની ગોઠવણના પ્રયાસો, પરિણામે સ્વતંત્ર અને વિશિષ્ટ વ્યક્તિત્વવાળી એક પ્રાચીન પ્રજાને વિનાશ તરફ ધકેલવાની ગોઠવણને વેગ અપાઈ રહ્યો છે. જો આ જાતના મહા પરિણામ તરફ પ્રજાને ન ધકેલવી હોય, તો પ્રજાહિતનો કોઈપણ જરૂરી કાયદો થાય, તેમાં વાંધો લેવાને કારણ હોતું નથી. પ્રજાનો મોટો ભાગ સાધુ-સંત ત્યાગી બનતો હતો. તેની આજીવિકા યદ્યપિ ''બીજા ઉત્પાદકો ઉપર નિર્ભર છે.'' એમ કહી તેની સંખ્યા પર કાપ મૂકવામાં આવે છે. પરંતુ તે વર્ગમાંના લાખો ત્યાગી સ્ત્રી-પુરુષોના સંતાનો ૫૦ વર્ષમાં કરોડોની સંખ્યામાં આવી જાય અને તેનો બોજો બીજાના ધંધાઓ ઉપરના કામમાં ભાગ પડાવવામાં કે પ્રજા ઉપર બીજી રીતે આવે તેને ધ્યાનમાં લીધા વિના તે વર્ગને ઘટાડવાના પ્રયાસો થાય, અથવા તેમાં લોકો દાખલ ન થાય, તેવા પ્રયાસો થાય. પરિણામે - વસતિના વિશેષ વધારાને એક તરફથી મદદ આપો, અને પછી બીજી તરફથી વસતિ વધારા ઉપર નિયમનો યોગ્યાયોગ્ય રસ્તે મૂકવામાં આવે. સ્ત્રીજાતિના જન્મના સ્વાભાવિક વધારાને લીધે એક પુરુષને અનેક સ્ત્રીઓ હોવાથી પણ વસતિના વધારા ઉપર અંકુશ રહી શકતો હતો. કારણ કે સંયમનું તત્ત્વ મુખ્ય હતું. દશ સ્ત્રીઓ જુદા જુદા પુરુષ પતિઓ મારફત પાંચને હિસાબે અંદાજ ૫૦ સંતાનોને જન્મ આપી શકે ત્યારે એક પુરુષ પાસેની ૧૦ સ્ત્રીઓ ૧૦ થી ૧૫ સંતાનોને કે થોડાઘણા વધારેને કદાચ જન્મ આપી શકે. ૫૦ ને જન્મ ન આપી શકે. એમ સંયમ દ્વારા પણ સંતતિ નિયમન ભારતમાં જળવાતું હતું. વિધવા વૈધવ્ય પાળતી હતી, જેથી સંતતિ નિયમન રહેતું હતું. તે દરેકને છૂટ આપીને સંતતિ વધે, તેવો માર્ગ ખુલ્લો કરીને હવે તેના ઉપર અંકુશો, ખાનપાનની તંગીનું નિમિત્ત આગળ કરીને ઓપરેશનની સગવડ કરી આપીને વિકૃત સંજોગો ઊભા કરવામાં આવે છે. જેમ બને તેમ સ્ત્રી જાતિને છુટ આપીને, સંતતિ વધવાના માર્ગો ખુલ્લા કરવામાં આવે છે. ને સંયમને તોડવામાં આવે છે. ને પછી તોડાતું આરોગ્ય અને જીવનમાં આર્થિક મુશ્કેલીઓ વધારીને પરિણામે પછી પ્રજા જ ધીમે ધીમે ઘટી જાય, તેવો પ્રબંધ શરૂ કરવામાં આવ્યો છે. આવી આવી નાની-મોટી બન્નેય તરફની (સાંસ્કૃતિક તત્ત્વોને અદૃશ્ય કરવા અને પ્રાગતિક વિકસાવવા) હજારો બાબતો છે. પ્રથમ પ્રવેશેલી નવી બાબતો આજે પરાકાષ્ઠાએ પહોંચતી જાય છે. કેટલીક મધ્યમ હદે પહોંચી છે. કેટલીક શરૂ થઈ છે. કેટલીક હવે પછી પ્રવેશવાની છે. ને દિવસે ને દિવસે નવી પ્રવેશતી જાય છે. (અ) બહારની પ્રજાઓના સંતાનો વધતા જાય અને (આ) સ્થાનિક પ્રજાના સંતાનોને પોતાના જ આ દેશમાં રહેવું ભારે પડતું જાય. સાંસ્કૃતિક જીવન જીવવું ભારે પડતું જાય, અને છેવટે વિનાશ તરફ ધકેલાતી જ જાય - ધકેલાતી જ જાય. માત્ર કૃત્રિમ લાલચોથી અને બહારથી અપાતા દયા-દાનથી કે સાધનોથી પ્રજા પોતાને જીવંત અને સુખી માનતી રહે, ને વાસ્તવિક રીતે પરાશ્રિત થતી જાય. ''નંખાતા કરોથી પ્રજાના જીવનમાં કેટલી ભયંકર અસર થશે.'' તેનો ખ્યાલ આવવા છતાં તે દૂર ન કરતાં તેના ઉપાય તરીકે સાથે જ ''ગરીબ પ્રજા માટે સસ્તી ચીજો મળે, તેવી દુકાનો સરકારે ખોલવાની'' ભલામણો સ્પષ્ટ શબ્દોમાં થતી રહે છે. તે ઉપરથી ગરીબો તરફ ધારાસભ્યોની સહાનુભૂતિ દેખાઈ આવે, પરંતુ તેમાં એક દોષ મોટામાં મોટો એ દાખલ થતો હોય છે કે પ્રજા આશ્રય ખાતાઓ ઉપર જીવતા એક માનવસમૂહ જેવી બનતી જાય છે - બનાવાતી જવાય છે. પોતાના જાતમહેનતના ધંધા ઉપર પ્રજા સુકો રોટલો ખાય તો પણ તેનું ખમીર ટકી શકે છે. પરંતુ જેમ જેમ આશ્રયો ઉપર જીવન જીવતી થાય, તેમ તેમ તેનો નાશ વહેલો જ થાય. એટલે કે પ્રજાને એક તરફથી નિર્બળ બનાવીને બીજી તરફથી સહાય આપીને આશ્રયે જીવતી રાખવાની તો પરદેશીઓની મૂળભૂત નીતિ છે જ. તેને ધારાસભ્યો ટેકો આપતા હોય છે. એ પ્રજાના અહિતમાં જતું હોય છે. બહારથી ભલે પ્રજા તરફ દયા અને સહાનુભૂતિ દેખાતા હોય. એનાથી બીજી કઈ ઘટના ભયંકર હોઈ શકે ? જુદા જુદા નિમિત્તો આગળ કરીને ઠામ ઠામ સરકારી અંકુશો, દરેક બાબતોમાં નિયંત્રણ અને બીજી તરફથી વિશાળ પાયા ઉપર આશ્રયખાતાઓના ઉદ્‌ઘાટનો, આ પ્રક્રિયા જ પ્રજાના ખમીરના નાશની સ્પષ્ટ રીતે જ નિશાની કેમ ન ગણી શકાય ? દુનિયાભરનું નાણાં કેન્દ્ર હોવાથી ભારતમાં પ્રાચીન કાળમાં પ્રજા પાસે ધન ઘણું દેખાતું નહોતું, પરંતુ દરેક પોતાના રળેલા રોટલા ઉપર કુટુંબના જીવનનો પાયો ટકાવતા હતા. કોઈના ઓશીયાળા રહેવાનું પસંદ કરતાં જ નહીં. એટલે પ્રજાનું જીવન સાદું, સંયમી છતાં સ્વાશ્રયી હતું. આજે તે તત્ત્વ તુટતું જાય છે. બોર્ડીંગ, જેલો, હોસ્પિટલો, આશ્રમો, અનાથાશ્રમો, હોસ્ટેલો, સસ્તા અનાજની દુકાનો, સ્ત્રીઓના આશ્રમો વગેરે રૂપે આશ્રયસ્થાનો વધતા જ જાય છે, વધતા જ જાય છે. એ એક સ્વતંત્ર ને શક્તિશાળી પ્રજાની અવનતિના સચોટ પૂરાવા છે. કવચિત્ એવા સાધનો હોય, તે જુદી વાત છે. પરંતુ તેમાં વધારો થતો જાય એ મહાદોષ વધતા જવાનો સચોટ પૂરાવો છે. ભારતની સ્થાનિક પ્રજાને ધંધા દેશમાં ન મળવાથી બહાર તેને જવું પડે જ અને બહારનાઓને કારખાના કરવાની -

*(અનુસંધાન પાના નં.૮ પર)*

# સ્વતંત્ર ન્યાયપાલિકા પર તરાપ

ટર્કીના પ્રમુખ Erdoğan એ ૩૦૦૦ ન્યાયાધીશો અને પ્રોસીક્યુટરોને પોતાના ન્યાયાધીશના કામમાંથી મુક્ત કરીને બીજા કામે લગાવ્યા હતા. ન્યાયાધીશોની પસંદગી કરવાનું કામ પોતાના હાથમાં લઈ લીધું અને તેની વિચાર-સરણી ધરાવતી વ્યક્તિને સ્થાન પર બેસાડવાનું કામ કર્યું. ન્યાયમાં જાણી જોઈને વિલંબ કરવાનું પણ કરવામાં આવે છે.

ભારત, ફિલીપાઇન્સ, ઇજીપ્ત, ટર્કીમાં આમ થઈ રહ્યું છે.

આ લેખમાં આપણે ન્યાયાધીશ રંજન ગોગોઈની વાત કરી છે. ૧૮ જૂન ૨૦૧૯ના રોજ રશિયામાં આપેલા પ્રવચનમાં કરેલી રજૂઆત તેમના જ શબ્દોમાં જોઈએ :

This is an area that requires the judiciary to prepare itself to strengthen itself about such populist onslaughts on the independence of the institution. The human agency, through which justice is sought to be administered, has to be adequately secured and fortified in ordinary times, so that it is sufficiently equipped to deal with such forces of populism in extraordinary times, lest they overrun the judicial edifice too. This would be our strongest case for strengthening the independence of judiciary.

શ્રી ગોગોઈ સાહેબ Populist સરકારથી ન્યાયતંત્રને બચાવવાની વાત આમાં કરે છે. પોતાના પ્રવચનની શરૂઆતમાં જ કહે છે, ન્યાયાલય કે ન્યાયતંત્ર ''not dependent on'' or ''not controlled by'' any outside agency or source''. પરંતુ આપણે જોઈએ છીએ કે સીધી કે આડકતરી રીતે સરકાર ન્યાયાલયની સ્વતંત્રતા પર તરાપ મારે છે. આવા વલણ સામે સાવધાન રહીને ન્યાયતંત્રને બચાવવાની વાત શ્રી ગોગોઈ સાહેબ કરે છે.

૧૨ જાન્યુઆરી ૨૦૧૮ના રોજ સુપ્રિમ કોર્ટના ચાર જજ સાહેબોએ પત્રકાર પરિષદ યોજી હતી, જેમાં ''Democracy is in danger''ની વાત કરે છે તેમજ ''Independent and Impartial Judge.''ની વાત કરે છે. તમારા માનસપટ પર એક ચિત્રને મૂકો, જેમાં આપણા દેશની સુપ્રિમ કોર્ટ-સર્વોચ્ચ અદાલતના કોઈ વડા વિજ્ઞાનભવન- દિલ્હીના એક કાર્યક્રમમાં દેશના વડાપ્રધાનની હાજરીમાં પોતાની વાત કરતા હોય અને વાત કરતાં કરતાં તેમની આંખો ભીની થઈ ગઈ હોય!

એ એક વ્યથાનાં આંસુ હતાં. ૨૫ એપ્રિલ ૨૦૧૬ના રોજ મુખ્ય ન્યાયાધીશ શ્રી તીર્થસિંગ ઠાકુર સાહેબ કહે છે : દેશમાં ૪૦,૦૦૦ ન્યાયાધીશોની જરૂર છે ત્યાં માત્ર ૨૧૦૦૦ ન્યાયાધીશોથી કામ ચલાવવું પડે છે, અને તેના કારણે સમયસર ન્યાય તોળી શકાતો નથી. કામનું ભારણ પણ ખૂબ રહે છે. લૉ કમિશને પોતાના રિપોર્ટમાં ન્યાયાધીશોની સંખ્યા વધારવાનુંય સરકારને સૂચવેલું છે.

Right Wing Populism- RWPs વાળી સરકાર ઇરાદાપૂર્વક ન્યાયની પ્રક્રિયા લંબાવવામાં માને છે, જેથી સરકાર સામે ન્યાયાલયના માર્ગે કોઈ મોરચો કારગત ન નીવડી શકે. અહીં એક તાજેતરનો કિસ્સો પણ નોંધવાનું મન થાય છે.

સામાન્ય રીતે હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશની પસંદગી કરવાનું કામ વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશ અને સાથી ન્યાયાધીશો મળીને કરતા હોય છે. પસંદગી કરવાની આ રીતને કૉલેજીયમ સિસ્ટમ કહેવામાં આવે છે. બંધારણે આર્ટિકલ ૧૨૪ દ્વારા આ સત્તા આપેલી છે. તેમ છતાં ૭ જૂન, ૨૦૧૯ ના રોજ મધ્યપ્રદેશની વડી અદાલતના ન્યાયાધીશ તરીકે કૉલેજીયમે દર્શાવેલા શ્રી અબ્દુલ હમિદ કુરેશી સાહેબના સ્થાને એક્ટીંગ ચીફ જસ્ટીસ તરીકે રવિશંકર ઝા સાહેબને મૂકવામાં આવે છે.

શ્રી કુરેશી સાહેબે વર્તમાન સરકારના એક મંત્રીને પ્રતિકૂળ લાગે તેવો ચુકાદો આપ્યો હતો. આમ RWPs વાળી સરકાર ન્યાયમંદિરને પોતાના કાબૂમાં રાખવા માગે છે. તેમના તરફથી એવી દલીલ પણ સાંભળવા મળે છે કે પ્રજાએ ચૂંટેલી સરકાર સર્વોપરી છે, કોર્ટ નહીં. આ વાતને આગળ લંબાવીએ તો પછી એમ પણ કહી શકાય કે બંધારણ પણ તેમના માટે સર્વોપરી નથી. અલબત્ત, કરણી-કથનીમાં વિસંગતતા તેઓ જાળવી શકે છે.

**(સાભાર : ભૂમિપુત્ર, ૧૬-૭-૧૯)**

**વર્તમાન વિશ્વમાં આકાર લેતી અનેક પ્રકારની આર્થિક, સામાજિક કે રાજકીય સમસ્યાઓ, તેના કારણો, તેના ઉકેલ આદિ અનેક પાસાંઓ પર અલગ-અલગ દૃષ્ટિકોણ ધરાવનાર ચિંતકો, વિચારકો અને લેખકોના વિવિધ લેખોનું સંપાદન કરીને વાચકો સુધી વિચારોના બીજ વાવવાનું કાર્ય વિનિયોગ સમાચાર કરી રહ્યું છે. લેખો અને લેખકોની પસંદગી અંગે પૂરતી કાળજી લેવાય છે છતા પણ લેખોની વિશ્વસનીયતા અને માહિતી અંગે સંસ્થા, સંપાદક અને પ્રકાશક કોઈ પણ પ્રકારે જવાબદાર રહેશે નહીં. જે તે લેખોના મંતવ્ય, બૌદ્ધિક મિલકત કે અધિકાર તે તે લેખકોના જ રહેશે.**

# મૂડીવાદ – એક જળકુંભી

ચીન કે ક્યુબા જેવા રડ્યાખડ્યા અપવાદોને બાદ કરતા, જગત આખું મૂડીવાદના સકંજામાં છે. બૌદ્ધિકો અને અર્થશાસ્ત્રીઓના એક અતિ વિશાળ વર્ગ માટે મૂડીવાદની ટીકા કરવી તે - એક ક્ષત્રીય બ્રાહ્મણના રસોડામાં જૂતાં પહેરીને દાખલ થવા બરાબર છે. તેમને મૂડીવાદના વૈચારિક મૉડલની પૂર્ણતાનું માત્ર આકર્ષણ જ નથી; એક પ્રકારનું વળગણ છે. નહેરુનો સમાજવાદ તેમને મન એક દુઃસ્વપ્ન સમાન છે. સોવિયત યુનિયન અને ચીનનો સામ્યવાદ ભયાનક બર્બરતા સમાન છે.

૧૯૬૫ના અરસામાં આ મુખ્ય વિચારધારાઓ માટે ત્રણ પ્રકારના પડદાની કલ્પના ચાલેલી. સોવિયત યુનિયનનો આયર્ન કરટન-લોખંડી પડદો કે જેની ભીતર ખરેખર શું ચાલે છે તે જાણી જ શકાતું નથી. ગોર્બાશેવ જ્યારે સોવિયત સંઘના કૃષિ પ્રધાન હતા ત્યારે આંકડામાં ગોટાળા કરી ખેતીનું ઉત્પાદન વધારે બતાવાયેલું. (તાજેતરના આપણા જીડીપી કે બેરોજગારીના આંકડા બાબતે શું કહીશું ?)

બીજો પડદો એટલે ચીનનો બામ્બુ કરટન, ચીનમાં વાંસ ખૂબ થાય તેથી આ નામાભિધાન થયું હશે. વાંસના પડદાની પાછળ પણ સ્પષ્ટ ભળાય નહીં, અમેરિકા પોતાની પારદર્શી લોકશાહીના બણગાં ફૂંકાવામાં આ બે પ્રકારના પડદા દર્શાવી બંનેમાં ચાલતી વ્યવસ્થાની ઠેકડી ઉડાડતું.

પણ પત્રકારો અને અન્ય બૌદ્ધિકોને આ અમેરિકન વ્યવસ્થાની પણ ઘણી ત્રુટીઓ જણાઈ. તેમણે અમેરિકામાં નાયલોન કર્ટન છે એમ કહ્યું. નાયલોનની આરપાર કશું યથાતથ ભળાય નહીં પણ મુલાયમ, આકર્ષક અને આભાસી માયાજાળ રચાય તેવું તેમનું કહેવું હતું.

આ પ્રકારના પ્રચાર યુદ્ધ ઉપરાંત આર્થિક અને રાજ્યશાસ્ત્રના ક્ષેત્રના તર્કબદ્ધ અને નવી જ કલ્પનાઓ ધરાવતા અસંખ્ય અને માતબર સંશોધનો દ્વારા એક વિચાર, પદ્ધતિ અને અમલ કરી શકાય તેવી નીતિ તરીકે 'નવા' મૂડીવાદનો જયજયકાર થયો. મૂડીવાદને નવો ગણવા માટે કેટલાક કારણો છે, પરંતુ ૧૯૨૯-૩૩ ની વિશ્વમંદી દરમિયાન કેઈન્સના અર્થશાસ્ત્રનો મહિમા ઊભો થયો. કેઈન્સનું 'ખાડા ખોદાવીને પુરાવો'ની નીતિ રાજ્યના આર્થિક ક્ષેત્રની કામગીરીની હિમાયતી હતી. વળી કેઈન્સે આ કામગીરી માટે ખાદ્ય પુરવણી અને તે દ્વારા થનારા ફુગાવાની પણ દરકાર રાખી ન હતી.

આ વૈચારિક દંગલમાં શિકાગો સ્કૂલનું પ્રદાન નોંધપાત્ર રહ્યું. ત્યાં પ્રો. મિલ્ટન ફ્રીડમેનના હાથે ઘડાયેલા દ. અમેરિકા, યુરોપ અને એશિયાના ઘણા અર્થશાસ્ત્રીઓ વિશ્વબેંક, નાણાં ભંડોળ તથા અનેક દેશોની સરકારોમાં ઉચ્ચ અને નિર્ણાયક સ્થાને બિરાજ્યા. આવા સ્થાનોએ કોઈ ગાંધીજનને બિરાજતા જોયા નથી!

આટલા વર્ષોના અનુભવમાંથી મૂડીવાદની મુખ્ય મર્યાદાઓ આ પ્રમાણે જણાઈ છે :

(૧) આર્થિક અસમાનતા :

૧૯૬૬-૬૭માં ચીનમાં માઓનું રાજ્ય હતું ત્યારે 'સાંસ્કૃતિક ક્રાંતિ' કરવામાં આવેલી. આ ક્રાંતિનો હેતુ ચીનના લોકો પોતાના મનમાં સામ્યવાદને જીવન પદ્ધતિ તરીકે અપનાવી લે તે અંગેની સાંસ્કૃતિક ચળવળ ચલાવવાનો હતો. માઓએ કોલેજો અને યુનિવર્સિટીઓને બંધ કરી વિદ્યાર્થીઓને ગામેગામ, ચોરે ને ચૌટે અને શેરીઓમાં ઉતાર્યા હતા. ૧૯૪૯માં ચીનમાં સામ્યવાદના હાથમાં રાજસત્તા તો આવી હતી પણ તે માત્ર શાસનનો પ્રકાર ન બની શકે અને લોકમાનસ તથા જીવનમાં પણ પરિવર્તન આવે તે વાસ્તે આ કાર્યક્રમ ચલાવાયેલો, તેમાં વાંસના કટકા કે પાણીની ડોલની 'ખાનગી માલિકી' પણ ટીકા પાત્ર બનતી.

ચીની સરકારે આ બાબતે જગતનું ધ્યાન જાય તે હેતુથી ઈટાલીના સાહિત્યકાર આલબર્તો મોરાવીયાને પણ નોતરેલા, તે સ્વદેશ પાછા ફર્યા ત્યારે પત્રકાર સાથેની મુલાકાતમાં તેમણે કહેલું, 'ચીનમાં મેં ગરીબી જોઈ અને ગરીબી જોઈને રાહત થઈ - કારણ કે ત્યાં અસમાનતા નથી.' મૂડીવાદે અસમાનતા વધારી છે.

(૨) નવી ટેકનોલોજી અને ચોથી ઔદ્યોગિક ક્રાંતિ :

લગભગ ૧૯૭૮ થી શિકાગો સ્કૂલ જગત ઉપર હાવી થવા માંડી. લગભગ તે જ અરસામાં ડિજીટલ ક્રાંતિનો પણ પ્રારંભ થયો. પણ તેના પ્રવાહો એટલા ધસમસતા છે કે કોઈક જમાનામાં આખો ઓરડો રોકે તેવડા મોટા કમ્પ્યુટર કરતા પણ વધુ સરળતા અને ઝડપથી આજના લેપટોપ કામ કરી શકે છે.

આ નવી ટેકનોલોજીની સાથે આર્ટિફિસિયલ ઇન્ટેલિજન્સ (એ.આઈ.) તથા વેરેબલ ટેકનોલોજી જેવી અનેક નવી બાબતો પ્રવેશી. હવે ડ્રાયવરલેસ કાર અને ખેતરોમાં પાકના મૂળિયાને મળતા ભેજના માપન માટે સેન્સરના ઉપયોગ તથા સેટેલાઈટના પ્રયાગો થવા માંડ્યા છે. હવે એક સાથે બે-ત્રણ હજાર કામદારો કામ કરતા હોય તેવા દૃશ્યો જોવા મળતા નથી. કમ્પ્યુટર પ્રોગ્રામ દ્વારા એક કેબિનમાં બેસીને એક કે થોડાક માણસો હજારો કામદારોનું કામ કરી શકે છે. આ કામ પણ સફાઈદાર ખાતરીવાળું અને સમયબદ્ધ હોય છે.

નવી ટેકનોલોજી વગર હરીફાઈમાં ઊભા રહી ન શકાય અને મૂડીવાદમાં, માત્ર પ્રાદેશિક કે રાષ્ટ્રીય જ નહીં

બલકે આંતરરાષ્ટ્રીય હરીફાઈ કરવાની હોય છે. આથી જ યુએનડીપીએ આવી વૃદ્ધિને જોબલેસ અને રુથલેસ (નિર્દય) વૃદ્ધિ ગણાવી છે.

(૩) પર્યાવરણીય કટોકટી :

નવો મૂડીવાદ ધન-સંપત્તિ એકઠાં કરવામાં લોભ અને ભ્રષ્ટાચારને સ્વીકારીને ચાલે છે. કોર્પોરેટ જગત પોતાના નફા વધારવા માટે સરકારી તંત્ર સાથે મળીને ભ્રષ્ટાચાર આચરે છે. આ સંજોગોમાં રાજ્યની જવાબદારી, કલ્યાણ રાજ્યની વિભાવના એ નીતિ વગેરે માત્ર કાગળ ઉપર જ રહે છે.

શાળા-શિક્ષણનો દાખલો અહીં ખપનો છે. આઝાદીકાળથી લગભગ ૧૯૯૦ સુધી સમાજમાં શિક્ષણ વધે તે માટે ધનવાનો દાન આપતા. આથી ઘણા જિલ્લા કે તાલુકા મથકોએ પણ નિશાળો, છાત્રાલયો અને કૉલેજો બની. પણ હવે શિક્ષણનું ખાનગીકરણ કરવામાં આવ્યું. નોંધપાત્ર બાબત એ છે કે આવી નિશાળો જાતજાતના લાગા અને ફી વસૂલે છે, વાલીઓ તેનો વિરોધ પણ કરે છે પરંતુ સરકારની અસરકારકતા કે અંકુશ જોવા મળતાં નથી. સ્વાસ્થ્યની બાબતમાં પણ આ જ સ્થિતિ છે.

એક તરફ સામાજિક આંતર માળખાકીય સુવિધાઓ બાબતનું માનવ સંસાધનોનું ચિત્ર ભાવિ પેઢી માટે હાનિકારક બન્યું છે તો બીજી તરફ કુદરતી સંસાધનો તરફ પણ વિશ્વભરમાં બેદરકારી, અચેતના અને લૂંટનો માહોલ સર્જાયો છે. માનવ સમાજ ૨૦૩૦થી ૨૦૫૦ના વર્ષો દરમિયાન વૈશ્વિક તાપ વધારો, જલ અને વાયુ પ્રદૂષણ, મોસમમાં પરિવર્તન, જૈવિક સંપદાના વારસાનો નાશ, વગેરે જેવા અનેક ઉપદ્રવોથી ઘેરાઈ જવાનો છે. સમગ્ર જીવન માટે ભયાનક અને વિનાશક ખતરો હવે બહુ દૂરની બાબત નથી. પણ બજારવાદી અર્થતંત્ર અને ભ્રષ્ટ તથા સત્તાલોલુપ રાજ્યતંત્ર આ દિશામાં કશું કરી શકે તેમ નથી.

(૪) રાજ્ય અને પબ્લિક ચોઈસ થિયરી :

અનેક દેશોમાં લોકશાહી હોવા છતાં ત્યાં લેવાતા નીતિગત તથા વહીવટી નિર્ણયો લોક કલ્યાણલક્ષી રહ્યા નથી. અલબત્ત એવી દલીલ થાય છે કે ભારત જેવા દેશમાં ગરીબો માટે તેમજ ખેતીક્ષેત્ર માટે હજારો કરોડ રૂપિયા (લગભગ રૂા.૬૦,૦૦૦ કરોડની) સબસિડી તથા અન્ય સહાય આપવામાં આવે છે. પણ આવી દલીલોની વિગતોમાં ઉતરવાની જરૂર છે. મધ્યાહ્‌ન ભોજન યોજના કે ખાદ્ય સુરક્ષા અને મનરેગા જેવી યોજનાઓના ભ્રષ્ટાચારથી જે લોકો પરિચિત ન હોય તેમણે જાતે જ તેની તપાસ કરવી રહી. ખાતરની સબસિડી ખરેખર ખેડૂત પાસે નહીં પણ ખાતરની ફેક્ટરીઓને મળતી પરોક્ષ સહાય છે. મધ્યાહ્‌ન ભોજન યોજનામાં બાળક દીઠ એક ટંકના લગભગ રૂા. સાત ખર્ચાય છે - સામે પક્ષે ૨૦૧૯ના વાયબ્રન્ટ સમિટમાં પીરસાયેલા ભોજનનો થાળી દીઠ ખર્ચ રૂ. સાત હજાર હતો. તેમાંયે અતિ વિશિષ્ટ મહેમાનોને પીરસાયેલી થાળીદીઠ ખર્ચ રૂ. તેર હજાર હતો. એક જ વ્યક્તિ લગભગ અઢારસો - ઓગણીસોનું ભોજન ઝાપટી જાય ! આ આપણી પબ્લિક ચોઈસ છે ! મૂડીવાદ અને રોકાણના આકર્ષણના નામે ગરીબોના કલ્યાણલક્ષી કાર્યક્રમો કરવાને બદલે, મૂડીવાદી વ્યવસ્થામાંથી સાંપડેલી સ્વતંત્રતાનો આવો ઉપયોગ અને ક્યાં ગાંધીની વાત !

(૫) તેજી-મંદીની અનિવાર્યતા :

મૂડીવાદી વ્યવસ્થામાં તેજી અને મંદી અનિવાર્ય છે. તેને કોઈ કર્મવાદ કે ચમત્કારિક અને ઐતિહાસિક નિયતીવાદ સાથે જોડવાની જરૂર નથી. વિકાસના અર્થશાસ્ત્રના ગૃહીત તથ્યો વડે પણ તે સમજી શકાય તેમ છે.

વિકાસની પ્રક્રિયા ચાલે ત્યારે તેમાં જોડાતા આર્થિક સાધનોને મળતું વળતર કે બદલો એક સમાન ઝડપથી વધતો નથી. ફાયનાન્સના ક્ષેત્રને જે ઝડપથી લાભ મળે તે ઝડપથી શ્રમના કે જમીનના ક્ષેત્રને લાભ મળતો નથી. આમ પાયાગત રીતે જ વહેંચણીમાં અસમાનતા પ્રસ્થાપિત હોય છે.

અર્થતંત્રમાં ઉદ્યોગપતિઓ દ્વારા ઉત્પાદન કરવામાં આવે અને તે બજારમાં ઠલવાય ત્યારે સામે ખિસ્સામાં પૈસા લઈને આવનારા ગ્રાહકોની પણ જરૂર પડે જ. પણ રોજગારી ન હોય, ખેત પેદાશના સરખા ભાવ મળતા ન હોય, શિક્ષણ અને સ્વાસ્થ્ય મોંઘા હોય, જમીનો સસ્તામાં પડાવી લેવાતી હોય - ત્યાં ગ્રાહક રૂપે અવતરનાર મનુષ્ય પાંગળો અને નબળો જ હોય !

ચોથી ઔદ્યોગિક ક્રાંતિના ફલ સ્વરૂપે બજારમાં ઠલવાતા ગંજાવર માલની સામે માગ ઊભી ન થઈ શકે એટલે ઉદ્યોગો બંધ થવા માંડે. સાથોસાથ બેંકો તથા અન્ય ધિરાણ કરનારા પણ ડૂબે અને પછી બધું પત્તાના મહેલની જેમ પડતું જાય. આ પતનમાં પણ પહેલો મરનાર તો ગરીબ જ હોવાનો.

આ એકંદર પરિસ્થિતિ જોતા મૂડીવાદના હાથમાં ભાવિ જગત સલામત નથી તે સ્પષ્ટ થાય છે. પણ મૂડીવાદના આ સ્વરૂપની અવેજીમાં શું ? દોષમુક્ત મૂડીવાદ, સામ્યવાદ કે ગાંધી વિચાર - તેની ચર્ચા કરવી રહી.

ઉત્તર યુરોપના નોર્વે, સ્વિડન તથા નેધરલેન્ડ્સ તથા કેનેડા, જર્મની અને જાપાનનો વિચાર કરીએ તો જણાય છે કે આધુનિક વિજ્ઞાનના ઉપયોગ સાથેનો સમતામુલક અને માનવીય સુખાકારી સાથેના સમાજો વિકસાવવાનું કામ પણ અશક્ય નથી. આ દેશોમાં માનવ સૂચકાંક ઊંચો છે.

નેધરલેન્ડઝમાં તો ગૂનાખોરી એ હદે ઘટી ગઈ છે કે ત્યાંની જેલો ભાડે અપાય છે.

યુરોપના અન્ય દેશોમાંથી કેદીઓને ત્યાં જેલોમાં રખાય છે. આ સાચો વિકાસ શક્ય બન્યો છે તે વાસ્તે બે કારણ જવાબદાર છે : એક, લોકાભિમુખ નીતિઓ અને બે, તંત્રની વિશ્વસનીય કામગીરી. આનો મતલબ એ થયો કે ભરોસાપાત્રતા - ક્રેડિબિલિટી અને સમાજ પરખતાના માધ્યમો બહુમૂલ્ય છે. ગાંધી વિચાર આ જ તો કહે છે. ગાંધી વિચારની પ્રસ્તુતતાનો આ મહત્ત્વનો પુરાવો છે.

સામ્યવાદી શાસનની સાથોસાથ ઔદ્યોગિક ઉત્પાદન વધારવાની નીતિ ચીને અમલમાં મૂકી છે અને ૧૯૭૮થી પ્રારંભાયેલું તેનું આ મિશન ચમત્કારિક પરિણામો આણી શક્યું છે. ચીન અને અમેરિકાની આર્થિક તાકાતમાં બહુ અંતર રહ્યું નથી. પરંતુ ચીનમાં લોકાભિમુખતા નથી; અમેરિકામાં પણ આર્થિક અસમાનતા મોટી છે. એકંદરે આ બંને દેશો હેપીનેસ ઇન્ડેક્સમાં બહુ આગળ રહી શક્યા નથી. સૂચકાંકો પ્રમાણે ફિનલેન્ડ જગતનો સૌથી સુખી દેશ છે. ૧૫૫ દેશોમાં ભારત ૧૨૨મો અને પાકિસ્તાન ૭૫મું સ્થાન ધરાવે છે. યુ. એસ. ૧૮મા ક્રમે, ચીન ૭૯મા ક્રમે અને ભૂતાન ૯૭મા ક્રમે આવે છે. આ અહેવાલ જણાવે છે કે ધન વધે તો સુખ પણ વધે જ એવું નથી.

વાસ્તવમાં જગતને ધન અને ભોગ નહીં પણ સુખ અને શાંતિની તલાશ છે. અતિ ચમત્કારીક રીતે આગળ વધેલા ચીન કરતા પાકિસ્તાનનો નાગરિક વધુ સુખી કેમ હશે ? વિશાળ અને પ્રભાવક તથા ઉદ્દંડ અમેરિકા કરતા નાનકડું ફિનલેન્ડ સૌથી સુખી કેમ હશે ?

લગભગ બે દાયકાના મૂડીવાદી પ્રકારની નવી આર્થિક નીતિના અમલ છતાં ભારત સુખની બાબતમાં સાવ કંગાળ કેમ હશે ? ભારતની કહેવાતી ધાર્મિકતા સુપર પાવર કે જગતગુરુ બનવાની બડાશો અને વેદ-ઉપનિષદોની મહાનતાના ગુણગાન છતાં આમ કેમ ? આ તમામ મુદ્દે ખૂબ વિગતવાર ચર્ચા થઈ શકે અને થવી જોઈએ.

**- રોહિત શુક્લ**

**(સાભાર : ભૂમિપુત્ર, તા.૧-૫-૨૦૧૯)**

# મિચ્છામી દુક્કડમ્

**આત્મા અને મોક્ષના અસ્તિત્વનો અસ્વીકાર કરીને, પશ્ચિમની શ્વેત સત્તાએ હિંસા અને શોષણના પાયા ઉપર જે વિકાસના માળખાનું નિર્માણ કર્યું છે, તે વિકાસનું માળખું આ દેશના સરકારી અમલદારો અને પ્રધાનોને પ્યાદાં બનાવીને દેશની પ્રજા ઉપર લાગુ કરવામાં આવ્યું છે.**

**તે ઐન્દ્રજાલિક હિંસક વિકાસના માળખાથી અંજાઈ જઈને,**

**આપણે આત્મવાદના પાયા ઉપરની સંયુક્ત કૌટુંબિક વ્યવસ્થાને સ્થાને વિભક્ત કૌટુંબિક વ્યવસ્થાને સ્વીકારી;**

**આપણે આત્મવાદના પાયા ઉપરના શિષ્ટ વ્યવહારોમાં સમાવેશ પામતી પશુ અને છાણ આધારિત અર્થવ્યવસ્થાને સ્થાને, તોતીંગ યંત્રો અને પેટ્રોલ આધારિત અનાત્મવાદના પાયા ઉપરના અશિષ્ટ વ્યવહારને સ્વીકાર્યો;**

**આપણે આત્મવાદના પાયા ઉપરની વર્ણાશ્રમ આધારિત સામાજિક વ્યવસ્થાને સ્થાને અનાત્મવાદના પાયા ઉપરના સંકરીકરણની સામાજિક વ્યવસ્થાને સ્વીકારી;**

**આપણે ઋષિમુનિ પ્રણીત રાજ્યવ્યવસ્થાને સ્થાને પશ્ચિમ નિર્મિત લોકશાહી આધારિત રાજ્યવ્યવસ્થા સ્વીકારી;**

**આપણે આત્મવાદના પાયા ઉપરના ધર્મક્ષેત્રમાં પણ અનાત્મવાદના સિદ્ધાંતો, સાધનો, રિવાજોને સ્થાન આપી ધર્મક્ષેત્રને પણ દૂષિત કર્યું;**

**અને તેમ કરીને આપણે હિંસક વિકાસના માળખાને પ્રોત્સાહન આપવા દ્વારા સમગ્ર જીવરાશિ ઉપર વિનાશનું જે કાળચક્ર વહેતું મૂકયું;**

**તે બદલ ભારતીય પ્રજા તરફથી અમે સમગ્ર જીવરાશિની મન-વચન-કાયાથી ક્ષમા માંગીએ છીએ.**

**લિ. વિનિયોગ પરિવાર**

# શબ્દછળથી સંસ્કૃતિનાશ

(ગતાંકથી ચાલુ)

**પાંઉ અને પૈસા વડે ધર્મપલટો**

અગાઉથી જ કરેલી વ્યવસ્થા મુજબ એકદમ આજુબાજુનાં ગામડાંમાં ખબર ફેલાવી દેવામાં આવે કે અમુક ગામના લોકોએ ગાયના માંસાવાળા પાંઉ નાખેલા કૂવાનું પાણી પીધું છે અને ઈસાઈ બની ગયા છે.

એટલે તરત જ આજુબાજુના ગામના લોકો પેલા કહેવાતા ઈસાઈ બની ગયેલા ગામ લોકોનો સામાજિક બહિષ્કાર કરે અને નછૂટકે આ લોકોને ઈસાઈ ધર્મનો સ્વીકાર કરવો પડે.

આ સમયે અંગ્રેજોએ આચરેલા જુલમોથી ગામડાં ગરીબીથી પીડાતાં હતાં. એટલે આ ઈસાઈ બનેલાં ગામોને પાદરીઓ આર્થિક મદદ આપવી શરૂ કરે.

જેથી બીજાં ગામોમાં પણ જ્યારે પાંઉનાં પાણીનું કાવતરું થાય ત્યારે તે ગામ બહિષ્કૃત થઈને આર્થિક સહાયની લાલચથી ઝડપથી ઈસાઈ ધર્મનો સ્વીકાર કરે.

આમ, દગો અને સહાય તેમના માટે અમોઘ શસ્ત્રો સાબિત થયાં, જેનો હજી પણ આપણી સામે ઉપયોગ કરે છે અને સહાયના નામે પરાધીનતાનો સાણસો આપણા ઉપર ધીમે ધીમે ભીડાતો જાય છે.

મને આવા અનેક ઈસાઈઓ મળ્યા છે, જેમણે પોતાને અગાઉ સામવેદી બ્રાહ્મણઓ હતા એમ જણાવ્યું છે. તેમના પૂર્વજોને ઉપર લખેલ પાંઉ પાણીની યોજનાથી ઈસાઈ ધર્મમાં વટલાવવામાં આવ્યા હતા.

મેં તેમને પૂછ્યું કે ''તમારા પૂર્વજોને દગાથી ઈસાઈ બનાવવામાં આવ્યા હતા, તો હવે તમે પાછો હિન્દુ ધર્મ શા માટે સ્વીકારતા નથી? ચાલો, હું તમને આ ક્ષણે જ હિન્દુ ધર્મની દીક્ષા આપી દઉં.''

તેમણે જવાબ આપ્યો કે ''તેમ કરવામાં અમને ફાયદો શો ? અમને તો આજે પણ ચર્ચ તરફથી મફત કેળવણી, મફત દવા, ઑપરેશનનોના કેસમાં મફત સારવાર, અમારા ખેતર માટે ખાતર, બિયારણ, કૂવો, રેંટ વગેરે માટે લોન આપવા મફત સહાય છૂટથી મળે છે.'' પછી તેમણે ઉમેર્યું કે ''તમે હિંદુ લોકો આવી કોઈ મદદ માટે અમારા તરફ હાથ લંબાવતા નથી. જ્યારે આ પાદરીઓ તો ઈસાઈ ન હોય તેવા લોકોને પણ લોનો આપે છે. એ લોનો જો પાછી ભરપાઈ ન કરી શકે તો તેઓ ઈસાઈ ધર્મ સ્વીકારે એ શરતે એ માફ પણ કરી દેવામાં આવે છે.''

આમ, સહાયના નામે ધર્મપલટો કરાવવાનું તેમણે ચાલુ જ રાખ્યું છે. અત્યારે આપણને આપવામાં આવતી અબજો ડૉલરની સહાય પાછળ કેવું ભીષણ ષડ્યંત્ર હશે તે તો ભગવાન જ જાણે, પણ જો પ્રજા આવી સહાય અને ષડ્યંત્રો સામે સાવધ નહિ બને અને સરકારોને છૂટો દોર આપી વ્યક્તિગત સ્વાર્થમાં જ રચીપચી રહેશે તો આવી રહેલા વિનાશની જવાબદારી પણ પ્રજાની જ હશે, કારણકે લોકશાહીમાં પ્રજાને મળેલા અધિકારોનો ઉપયોગ કરવામાં તેણે ગુનાહિત ગફલતી બતાવીને જ એ મહાવિનાશ નોતર્યો હશે.

પાંઉ અશિક્ષતિ ગ્રામ્યજનોને ઈસાઈ બનાવવાનું સફળ હથિયાર પુરવાર થયું. પછી શિક્ષિત સમાજમાં અંગ્રેજો બિસ્કિટનો પ્રચાર કરવા લાગ્યા.

પોતાને ત્યાં નોતરતા હિંદુ મહેમાનોને તેઓ ચા અને બિસ્કિટ આપતા અને કહેતા કે તદ્દન નિરામિષાહારી છે અને પચાવવામાં હલકા તેમ જ પોષ્ટિક છે. તમે પૂરી ખાવ છો, તે પચાવવામાં ભારે હોય, કારણકે તે તળેલી હોય છે.

અફસોસની વાત એ છે કે કોઈ વૈદરાજે આવા દાવાને પડકાર્યો નહિ કે મેંદાનાં બનાવેલાં બિસ્કિટ પૂરી કરતાં પચવામાં હલકાં કઈ રીતે હોઈ શકે ?

પશ્ચિમના દેશોમાં તળેલી વાનગીઓ ડુક્કર કે ગાયની ચરબીમાં તળવામાં આવે છે, કારણકે ઘી શું છે તેની તેમને જાણકારી નથી. તેલ ચરબી કરતાં મોંઘું પડે છે. ચરબીના દોષ ઉપર જણાવી ગયો છું, તે દોષને કારણે ત્યાંના ડૉક્ટરો પણ હંમેશાં પરેજીમાં તળેલું ન ખાવાની ખાસ ભલામણ કરે છે.

એલોપથી, ઇંગ્લૅન્ડથી ભારતમાં આવેલી છે. એટલે તળેલું શા માટે ત્યાંના લોકો નથી ખાતા તેના જ્ઞાન વગર આપણા ડૉક્ટરો પણ દરેકને તળેલું ન ખાવાની સલાહ આપે છે. રોજ '' તળેલું ન ખાવું'' એ શબ્દ રોજના વપરાશમાં એવો તાકાતવાન બન્યો છે કે લોકો કેન્સરથી ડરે તેમ તળેલું ખાવાથી ડરે છે. તળેલું ન ખાવામાં ગૌરવ અનુભવે છે.

**તળેલું ન ખાવાના પ્રચારથી ફસાઈને હિન્દુઓ નિર્બળ બન્યા**

તળેલું ન ખાવું એ પ્રચારે આપણા પોષણને જ તોડી નાખ્યું છે. એટલું જ નહિ, એ શબ્દોએ આપણને શુદ્ધ ઘીમાં તળેલી ચણાના લોટના બુંદીના લાડુ, મેસૂર, મોહનથાળ, મગજ કે મગદાળના લાડુ વગેરે અતિસ્વાદિષ્ટ અને પૌષ્ટિક મીઠાઈઓ તરફ શંકાશીલ અને ઉદાસીન બનાવી તેનો ત્યાગ કરાવ્યો છે.

વળી, બીજી તરફથી ''પોષણ માટે પ્રોટીન''ના રોજેરોજ સંભળાતા અને વર્તમાનપત્રોમાં વંચાતા શબ્દોએ ઈંડાં, માંસ, માછલી તરફની સૂગ ઓછી કરી અને ''પ્રોટીન'' શબ્દના જાદુએ લોકોને આ અખાદ્ય પદાર્થો ખાવા માટે પ્રેર્યા. પોતાને સુધારક ગણાવાના અભરખાવાળાઓને તે ખાવામાં ગૌરવ લેતા કર્યા.

(ક્રમશઃ)

**-સ્વ. વેણીશંકર મુરારજી વાસુ**

Registration No. with Registrar of Newspapers - MAHGUJ/2003/10411
Postal Registration No. MNW/08/2018-20
Published on 1st of every month
Date of Posting : 7th & 8th of every month

WPP License No - MR/Tech/WPP-34/NW/2019
License to post without prepayment
To be Posted at Mumbai Patrika Channel sorting office
Mumbai 400001

# શ્રી તત્વાર્થાધિગમ સૂત્ર

(પાના નં.૨થી ચાલુ)

ધંધા કરવાની - મૂડી રોકવાની - નિષ્ણાતતા બતાવવાની સગવડ અહીં વધતી જાય છે. ને કોઈ કોઈ અહીંના વતની બનતા જાય છે. બહાર ખેંચાઈ જવાની આંતરરાષ્ટ્રીય યોજનાના બીજરૂપે અમેરિકાએ પ્રથમ ૧૦૦ (સો) ભારતીયોને વસવાટનો નિયમ રાખ્યો હતો. હવે પ્રે. આઇઝનહોવરે તે સંખ્યામાં વધારો કરવાની પ્રવૃત્તિ શરૂ કરી છે. એ ભારતની આર્ય પ્રજાને વેરવિખેર કરવાની યોજનાના બીજ છે. વળી આશ્રમ શબ્દે ભારે ગોટાળો ઉભો કર્યો છે.

આશ્રમ શબ્દ પ્રાચીન ઋષિઓના તપોઆશ્રમોનો અથવા જીવનની ચાર ક્રમિક આધ્યાત્મિક વિકાસની કક્ષાઓને પણ બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યસ્તાશ્રમનો સૂચક છે. તે શબ્દ આજના આશ્રયસ્થાનની સંસ્થાઓને લાગુ પાડીને તેની પ્રતિષ્ઠા ઉભી કરવામાં આવી છે. મુંબઈ, કલકત્તા, કરાંચી અને મદ્રાસ આ ચાર પશ્ચિમની પ્રજાની પ્રગતિના તથા ધંધાના કેન્દ્ર શહેરોએ દેશના ગામડા અને બીજા શહેરોના સંગઠિત સાંસ્કૃતિક જીવનનો કચ્ચરઘાણ કાઢી નાખ્યો છે અને બીજા નવા મોટા શહેરો રચવાની ગોઠવણો ચાલુ થઈ ગઈ છે. ગામડા નવેસરથી વસાવી ત્યાં પણ પાશ્ચાત્ય પ્રગતિ લઈ જવા માટે આધુનિક પ્રાગતિક આદર્શના ગ્રામ્યોદ્ધારની વાતો કરવામાં આવે છે. પ્રથમની મહાજન સંસ્થાની ગ્રામ્ય પંચાયતને ઉત્તેજન આપવાને બહાને તેને સ્થાને કહેવાતા લોકશાસનની ખરી રીતે સરકારી કાયદા મુજબની પંચાયતો સ્થાપી દીધી છે, ને તેઓ મારફત આધુનિક પ્રગતિને આગળ વધારવા સત્તાઓ અને સગવડો આપવામાં આવેલ છે. ને તેમાં વધારો કરાતો જશે. જેથી ગામડાઓના સાંસ્કૃતિક સ્વાશ્રયી જીવન તૂટશે અને પરાશ્રિત તથા બહારના ધનથી પ્રાગતિક પરાશ્રિત જીવન ખૂબ વિકસિત થશે. મોસાળ વિવાહ અને મા પીરસનાર જેવો ઘાટ થયો છે.

આમ હરેક રીતે આત્મવાદના પાયા ઉપરનું જીવનધોરણ તોડાઈ રહ્યું છે, જે આપણી પ્રજાના અણવિકાસ, અવનતિ, પાછળપણા વગેરેનાં કારણરૂપ છે અને એ જ વિદેશીઓના વિકાસ, ઉન્નતિ આગળ વધવાપણાના કારણરૂપ છે. એવા નાના મોટા હજારો પ્રયાસો ચાલુ થયા છે. તે સર્વને યોજનાનું રૂપાળું નામ અપાયું છે અને મોટી મોટી યોજનાઓમાં બીજી રીતે નાની મોટી હજારો યોજનાઓનો સમાવેશ થતો હોય છે. આનું નામ ક્રાંતિ, મહા પરિવર્તન, નવસર્જન છે. આથી વિશેષ અહીં લખવાને સ્થાન નથી. **(ક્રમશઃ)**

**- સ્વ. પં. પ્રભુદાસ બેચરદાસ પારેખ**

પ્રતિ,

Printed and Published by **ATUL HARSUKHLAL SHAH** on behalf of **Viniyog Parivar Trust**, Printed at **RAJUL ARTS**, DR DAMJI COMPOUND, BEHIND BUS STOP NO. 379, GHATKOPAR (EAST), MUMBAI 400 077, and published from **VINIYOG PARIVAR TRUST**, B-2,104, VAIBHAV, JAMBLI GALI, BORIVALI (WEST), MUMBAI 400 092. Tel.: 28991781, 28980749 Email : vinyogparivar@gmail.com - Editor : **Sanjay Gandhi**